# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૫/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ‘બી વોકલ ફોર લોકલ’ વિશે વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને નવસારી મેનેજમેન્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે ગઇકાલે સાંજે ૬:૦૦ કલાકે ‘બી વોકલ ફોર લોકલ’ વિષય ઉપર ૭૯માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નવગુજરાત સમયના એડીટર ઇન ચીફ શ્રી અજય ઉમટ અને કાલિકા ઇન્ટરનેશનલના સીઇઓ શ્રી પરેશ રાઠોડે દેશને આત્મનિર્ભર બનાવવા માટે નાગરિકોએ ચાઇના બનાવટની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરી સ્વાવલંબિત થવા દેશમાં આયાત થતી વસ્તુઓનું આપણા દેશમાં જ ઉત્પાદન કરી ગ્લોબલ માર્કેટમાં તેને એક્ષ્પોર્ટ કરી શકાય તે દિશામાં પ્રયાસ કરવો જોઇએ તેમ જણાવી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસ અને લોકડાઉનને કારણે ભવિષ્યમાં જે પરિસ્થિતિનું નિર્માણ થશે તેને પહોંચી વળવા માટે આત્મનિર્ભર બનવા વડાપ્રધાનશ્રીએ આપણને હાંકલ કરી છે ત્યારે આપણા દેશને તથા નાગરિકોને સ્વાવલંબિત બનાવવા માટે આપણે ઉત્પાદન ક્ષેત્રે ઘણુ આગળ વધવુ પડશે. જો આપણે આવુ કરી શકીશું તો વિશાળ રોજગારીનુ સર્જન પણ થશે. સાથે જ વિદેશી હુંડીયામણ પણ આપણા દેશમાં લાવી શકીશું. આત્મનિર્ભર બનવાની દિશામાં આજના વકતાશ્રીઓ મહત્વનુ માર્ગદર્શન આપશે.

શ્રી અજય ઉમટે જણાવ્યુ હતુ કે, રાતોરાત આત્મનિર્ભર બની શકાતુ નથી. એના માટે આપણે બધાને સહીયારો પ્રયાસ કરવો પડશે અને દેશભકિતને સાચા અર્થમાં નાગરીકોના મનમાં લાવવી પડશે. વર્ષો પહેલાં ભારત અને ચીન આર્થિક રીતે સરખું જ હતું પણ ત્યારબાદ ચીન આર્થિક રીતે આગળ વધી ગયુ. ભારત પણ અત્યારે વિશ્વમાં પાંચમા સ્થાન ઉપર આર્થિક રીતે સદ્ધર દેશ બની ગયો છે. તદુપરાંત ભારત પાસે ખૂબ જ વિશાળ કન્ઝયુમર માર્કેટ પણ ઉપલબ્ધ છે. ભારતીય વેપારીઓમાં ખમીર છે. એપીઆઇ બનાવી શકીએ છીએ, પરંતુ કેટલીક બાબતોને કારણે તેઓની માનસિકતા બદલાઇ જાય છે.

શ્રી ઉમટે જણાવ્યુ હતુ કે, ભારત હાલમાં ચીન પાસેથી ૨૦ ટકા માલ આયાત કરે છે. જ્યારે ભારતમાંથી તેની આયાત માત્ર ૫.૩ ટકા છે. ભારત માટે સૌથી મોટો ટ્રેડ પાર્ટનર એ ચીન અને અમેરિકા છે. ઇન્ડીયન ડોમેસ્ટીક માર્કેટમાં ૭૦ ટકા બલ્ક ડ્રગ ચાઇના આધારીત છે. ડાઇ કેમિકલ્સ, ઇન્ટર મિડિએટ અને વિવિધ એસીડ બનાવવા માટે ભારત એ ચીન પર આધારીત છે. આથી હવે ભારતવાસીઓએ ઉત્પાદન ક્ષેત્રે સજાગ થવું જોઇએ. તેમણે કહયુ કે, કેમિકલ અને ફાર્મા ઇન્ડસ્ટ્રીને ઘણી તકલીફ પડે છે. જો કે, સાચા અર્થમાં રિફોર્મ નહી થઇશું ત્યાં સુધી ચીન સાથે સ્પર્ધા નહી કરી શકીશું.

તેમણે વધુમાં કહયુ કે, આપણું વિઝન મોટુ છે પણ એની સાથે એકશનમાં આવવુ પડશે. આપણે કોઇપણ બાબતે ડરવું કે ડગવું ન જોઇએ. આપણને ગ્લોબલી વિચારવુ પડશે અને લોકલી એકટ કરવુ પડશે. વિશ્વની અગ્રેસર ૫૦૦ કંપનીઓમાં ટોચના અધિકારીઓ એ મુળ ભારતીય છે. આ ભારતીય યુવાનો સાચા અર્થમાં ભારતમાં કામ કરશે તો દેશની સ્થિતિ બદલાઇ જશે. આપણી પ્રોડકટમાં દમ હશે તો જાહેરાત કરવાની જરૂર પડશે નહી. ચાઇનીઝ કંપની સાથેનો વેપાર બંધ કરી પરેશભાઇ રાઠોડે જે ઉદાહરણ બેસાડયુ છે તેવુ બધા વેપારીઓએ કરવુ જોઇએ. તેમણે જે શરૂઆત કરી છે તે રાષ્ટ્રપ્રેમ બધામાં આવવો જોઇએ.

શ્રી પરેશ રાઠોડે જણાવ્યુ હતુ કે, ચાઇનાની અલીબાબા પેઇડ એડવર્ટાઇઝ સર્વિસમાં તેઓ અગ્યાર વર્ષથી સભ્ય બન્યા હતા અને તેમની પ્રોડકટની વિશ્વભરમાં એડવર્ટાઇઝ થતી હતી. અલીબાબા અંગે તેઓને કોઇપણ પ્રકારની સમસ્યા ન હતી પરંતુ રિન્યુઅલનો સમય આવ્યો ત્યારે ચાઇનાના જવાનોએ આપણા દેશના સૈનિકો ઉપર હુમલો કરીને તેઓનો જીવ લીધો તે ખૂબ જ ગંભીર ઘટના હતી. જે દેશ આપણા સૈનિકોને મારે એવા દેશ સાથે બિઝનેસ કરવો જ નથી એવુ તેમણે નકકી કર્યુ હતુ. ચાઇનાને પાઠ ભણાવવો જ પડશે તેવુ વિચારીને તેમની કંપની અલીબાબા સાથે બિઝનેસ નથી કરવો તેવુ તેમણે કંપનીને જણાવી દીધુ હતુ.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, હું જે અનુભવ કરુ છુ એવુ દેશના દરેક નાગરિકોએ અનુભવવું જોઇએ. ચાઇનાની કંપની સાથે જ્યારે બિઝનેસ કરવાનુ બંધ કર્યુ અને મિડિયામાં પણ આ બાબત હાઇલાઇટ થઇ ત્યારે ઘણા દુકાનદારોએ તેમને ફોન કરીને ખુબ જ સારુ કર્યુ તેમ જણાવ્યુ હતુ. સાથે જ તેમના દ્વારા પણ ચાઇનાની કોઇ ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ નહી કરવામાં આવે તેમ પણ જણાવવામાં આવ્યુ હતુ.

શ્રી રાઠોડે વધુમાં કહયુ કે, સરકાર શું કરે છે એના કરતા આપણે સ્થાનિક કક્ષાએ શું કરી શકીશું તેના વિશે વિચારવુ પડશે. ચાઇનામાંથી ખૂબ જ વિશાળ પ્રમાણમાં ચીજવસ્તુઓની આયાત થાય છે ત્યારે આપણે અત્યારે આપણા દેશમાં જે કઇ વસ્તુઓ બનાવી રહયાં છે તેની જ ખરીદી કરવી જોઇએ અને ચાઇના બનાવટની ચીજવસ્તુઓને ખરીદવાનું બંધ કરવુ જોઇએ. ભારતીયો પાસે ખુબ જ વિશાળ બ્રેઇન પાવર છે અને તેના આધારે જ આપણે આત્મનિર્ભર થવાની દિશા તરફ આગળ વધી શકીશું. તેમણે ચાઇનીઝ બનાવટની વસ્તુઓની ખરીદી બંધ કરી આત્મનિર્ભર બનવા માટે લોકોને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન કર્યુ હતુ.